2011 ONTARIO BUDGET

Ontario

NEWS RELEASE

TURNING the CORNER
TO A BETTER TOMORROW

MINISTRY of FINANCE

# ઓન્ટારિયોની અર્થવ્યવસ્થા સારા માર્ગે જઇ રહી છે, નોકરીઓનું નિર્માણ થઇ રહ્યું છે

## *મેકગિન્ટી સરકાર શાળાઓ અને ઇસ્પિતાલોનું રક્ષણ કરતા જઇને ખાધ ઓછી કરી રહી છે*

**સમાચાર** માર્ચ ૨૯,૨૦૧૧

૨૦૧૧ ના અંદાજપત્રમાં મેકગિન્ટી સરકારનો ઓન્ટારિયોની અર્થવ્યવસ્થાની પુન:પ્રાપ્તિ માટેનો ટેકો ચાલુ જ રહે છે. આ અંદાજપત્ર શિક્ષણ અને આરોગ્ય સંભાળનું રક્ષણ કરતા જઇને ખાધ દૂર કરવા પર નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરે છે.

૨૦૧૦-૧૧ માં ૧૬.૭ બિલીયન ડોલરની ખાધનું અનુમાન કરવામાં આવેલ છે – જે એક વર્ષ પહેલાના અંદાજ કરતા ૩ બિલીયન ઓછી છે. મુખ્યત્વે આનું કારણ એ છે કે, ૨૦૧૦-૨૦૧૧ માં કાર્યક્રમ ખર્ચ ૨૦૧૦ ના અંદાજપત્રમાં પ્રકાશિત કરાયેલ અંદાજ કરતા ૨.૬ બિલીયન ડોલર ઓછો થાય એવું અનુમાન કરવામાં આવેલ છે

૨૦૧૧ ના અંદાજપત્રમાં નીચે મુજબના વ્યૂહાત્મક મૂડીરોકાણોનો સમાવેશ થાય છે:

**નોકરીઓ અને વિકાસ**

- ખાનગી ક્ષેત્ર સાથેની નવી ભાગીદારીઓ લગભગ ૧૦,૦૦૦ નોકરીઓનું નિર્માણ કરશે અને એ ચાલુ રાખશે
- ખાદ્ય ઉદ્યોગ વિભાગ માટેના નવા રિસ્ક મેનેજમેન્ટ પ્રોગ્રામ અને એક નવા સેલ્ફ-ડાયરેક્ટેડ રિસ્ક મેનેજમેન્ટ પ્રોગ્રામનો અમલ કરીને ગાય-બળદ, ડુક્કર, ઘેટાં અને વાછરડાંના માંસના ખેડૂતોને મદદ કરવી

**શિક્ષણનું રક્ષણ**

- ઓન્ટારિયોની કોલેજો અને યુનિવર્સીટીઓમાં ૨૦૧૫-૧૬ સુધીમાં ૬૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે નવી જગ્યાઓ. ઓન્ટારિયોના પ્રત્યેક ઉચિત વિદ્યાર્થી માટે જગ્યા હશે.
- આ સપ્ટેમ્બરમાં, વધુ ૨૦૦ શાળાઓમાં આખા દિવસના બાળમંદિર ઉપલબ્ધ થશે, જેનાથી ૫૦,૦૦૦ જેટલા બાળકોને ફાયદો થશે. હાલમાં, લગભગ ૬૦૦ શાળાઓમાં ૩૫,૦૦૦ જેટલા બાળકો માટે આખા દિવસના બાળમંદિર ઉપલબ્ધ છે. આ કાર્યક્રમનું સંપૂર્ણ અમલીકરણ, દરેક શાળામાં, સપ્ટેમ્બર ૨૦૧૪માં થશે.

**આરોગ્ય સંભાળનું રક્ષણ**

- વધુ જોખમ ધરાવતી વધારે સ્ત્રીઓ સુધી પહોંચીને સ્તનના કેન્સરની તપાસના લગભગ ૯૦,૦૦૦ થી વધુ પરીક્ષણ
- બાળકો અને યુવાવર્ગથી શરૂ કરીને, એક વ્યાપક મેન્ટલ હેલ્થ એન્ડ એડીક્શન સ્ટ્રેટેજીમાં સરકાર મૂડીરોકાણ કરી રહી છે
- ઓન્ટારિયો ડ્રગ બેનિફીટ પ્રોગ્રામ તરફથી દવાની રકમ મેળવનારા લોકો માટે ફાર્મસીની સેવાઓ અને મદદનું વિસ્તરણ- જેમાં વરિષ્ઠોને અને અન્યોને પ્રિસ્ક્રીપ્શન પછીના સલાહ-સૂચન જેવી ચીજોની મદદનો સમાવેશ થાય છે.

.../૨

**જવાબદારીપૂર્ણ સંચાલન**

આર્થિક વિકાસ અને ઓન્ટારિયનોએ શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં મેળવેલા લાભોને નુકસાન પહોંચાડ્યા વિના ખાધ દૂર કરવામાં મદદ કરવા માટે સરકારે પોતાની કાર્યપદ્ધતિ પ્રમાણેના સુધારા કરવા જ પડશે. તાજેતરની અને આ અંદાજપત્રમાં જાહેર કરાયેલ પહેલવૃત્તિઓ, હકિકતમાં આગામી ત્રણ રાજવિત્તીય વર્ષોમાં લગભગ ૧.૫ બિલીયન ડોલરની બચતની મદદ કરવામાં પરિણમશે. ઓન્ટારિયોના પરિવારો માટે, કેટલાક નવા ઉપાયો જાહેર સેવાઓને વધુ પરવડી શકે તેવી અને અસરકારક બનાવશે, જેમાં નીચે મુજબનાનો સમાવેશ થાય છે:

- હાલના સર્વિસઓન્ટારિયોના વિતરણ કરનાર પ્રતિકૃતિઓ લોકોને ઉત્તમ વળતર અને સેવા પૂરી પાડે છે કે નહી એ નક્કી કરવું
- મુખ્ય એજન્સીઓને ૨૦૧૩–૨૦૧૪ સુધીમાં ૨૦૦ મિલીયન ડોલરની કાર્યક્ષમતાઓ પૂરી પાડવાની સૂચના આપવી
- આગામી બે વર્ષમાં ખાસ ફેરબદલીની ચૂકવણી મેળવનારાઓના વહીવટી કાર્યાલયોને પૂરા પાડવામાં આવતા નાણાંમાં ૧૦ ટકાનો ઘટાડો કાયમી ધોરણે કરવામાં આવશે. આ જ નીતિ મુખ્ય સરકારી એજન્સીઓને પણ લાગુ પાડવામાં આવશે.
- એપ્રિલ ૨૦૧૨ અને માર્ચ ૨૦૧૪ ની વચ્ચે ઓન્ટારિયો પબ્લિક સર્વિસીઝ (ઓપીએસ)નું કદ વધારાના ૧૫૦૦ પદ ઘટાડીને ઓછું કરવામાં આવશે. આ ઘટાડો ૨૦૦૯ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ ઓપીએસના લગભગ ૩,૪૦૦ ફુલટાઇમ કર્મચારીઓના ઘટાડાની જાહેરાત ઉપરાંતનો છે.
- જેલનું તંત્ર વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવું. ઓવેન સાઉન્ડ, વોકરટન અને સાર્નિયાની ઓછી વપરાતી જેલો બંધ કરીને અને ટોરન્ટો વેસ્ટર્ન ડિટેન્શન સેન્ટરનો અમુક ભાગ બંધ કરીને આ કાર્યક્ષમતા સાધી શકાશે. કેદીઓની બદલી નવી, વધુ મોટી અને વધુ કાર્યક્ષમ સુવિધાઓમાં કરવામાં આવશે.
- ટોરન્ટો વેસ્ટ કોર્ટહાઉસનું બાંધકામ રદ કરવું, જેના પરિણામે આગામી ત્રણ વર્ષમાં ૧૮૧ મિલીયન ડોલરની વિનિયોગ બચત થશે.
- માનનીય અર્થશાસ્ત્રી ડોન ડ્રમન્ડના પ્રમુખપદે રિફોર્મ ઓફ ઓન્ટારિયો પબ્લિક સર્વિસીઝના કમિશનની સ્થાપના કરવી, જે શિક્ષણ અને આરોગ્ય સંભાળનું રક્ષણ કરીને ખાધ દૂર કરવાની સરકારની યોજના ઝડપથી આગળ વધી શકે એ માટેના ફેરફારો વિશે સલાહ પૂરી પાડશે.

૨૦૧૧ નું અંદાજપત્ર મેકગિન્ટી સરકારના ઓપન ઓન્ટારિયો પ્લાન મુજબ, અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા, નોકરીઓના નિર્માણને પ્રોત્સાહિત કરવા અને મુખ્ય જાહેરસેવાઓને રક્ષવા માટે વિકસાવેલ છે

**અવતરણો**

"આપણામાંથી મોટા ભાગનાઓની જાણ મુજબની સૌથી ખરાબ વૈશ્વિક મંદીના બે વર્ષ બાદ, ઓન્ટારિયોની અર્થવ્યવસ્થા સારા માર્ગે જઇ રહી છે અને નોકરીઓ પાછી આવી રહી છે. એક સુશિક્ષિત અને સ્વસ્થ કર્મચારીગણ ઓન્ટારિયોની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહ્યો છે અને મૂડીરોકાણો અને નોકરીઓને આકર્ષી રહ્યો છે"
–ડ્વાઇટ ડન્કન, નાણાંમંત્રી

"આપણી પાસે શાળાઓ, ઇસ્પિતાલો અને આર્થિક વિકાસનું રક્ષણ કરતા જઇને ખાધ દૂર કરવાની એક જવાબદારીપૂર્વકની યોજના છે. આપણા ખર્ચાતા નાણાંની વધુ અસરકારક કિંમત મળે એ રીતે સરકાર ખાતરીપૂર્વક કામ કરે એ માટે હજુ વધારે સુધારાની જરૂર છે. સમગ્ર તંત્રના કાર્યક્રમોમાં કપાત– જેવો પર્યાય– ઓન્ટારિયનોએ આરોગ્ય સંભાળ અને શિક્ષણમાં મેળવેલા સૂચક લાભોને ઉલટી દિશામાં લઇ જઇ શકે છે, અને પ્રાંતની આર્થિક સ્પર્ધાત્મકતાને ઇજા પહોંચાડી શકે છે."
–ડ્વાઇટ ડન્કન, નાણાંમંત્રી

…/3

**વધુ જાણો**

ઓન્ટારિયોનું ૨૦૧૧નું અંદાજપત્ર વાંચો.

૨૦૧૧ ના ઓન્ટારિયોના અંદાજપત્રની પૂર્વભૂમિકા આપતી માહિતી વાંચો:

- ઓન્ટારિયોનો આર્થિક દેખાવ અને રાજવિત્તીય યોજના
- જવાબદારીપૂર્વક સંચાલન
- મજબૂત શિક્ષણ અને આરોગ્ય સંભાળ એક મજબૂત અર્થવ્યવસ્થાને ટેકો આપે છે

૨૦૧૧ ના ઓન્ટારિયોના અંદાજપત્રની મુખ્ય કલમો વાંચો:

- વધુ સારી આવતી કાલ માટે સારા માર્ગે જવું
- બાળકોનું માનસિક સ્વાસ્થ્ય
- ઓન્ટારિયોના ખેડૂતોને મદદ કરવી

સરકારના ઓપન ઓન્ટારિયો પ્લાન વિશે વધુ જાણો



માત્ર વિજ્ઞાપન માધ્યમોની પૂછપરછ માટે:
એન્ડ્રુ ચોર્નેસ્કી, પ્રધાનનું કાર્યાલય, ૪૧૬-૩૨૫-૯૮૧૯
સ્કોટ બ્લોજેટ, નાણાં મંત્રાલય ૪૧૬-૩૨૫-૦૩૨૪

**જાહેર જનતાની પૂછપરછ માટે: ૧-૮૦૦-૩૩૭-૭૨૨૨**
(માત્ર ઓન્ટારિયોમાં ટોલ-ફ્રી)

**ontario.ca/finance-news**
*GUJARATI*